**આંક–૯ ની અરજી તળે હુકમ**

(૧) અરજી વંચાણે લીધી, આંક–૧૪ થી સદર અરજીનો જવાબ વંચાણે લીધો તથા અરજદાર /બીજાપક્ષકાર તરફે પ્રતિનિધિશ્રીને સાંભળ્યા તેમજ સામવાળા/પ્રથમપક્ષકાર નં–૨ના વિ.વ.શ્રીને સાંભળ્યા. બન્ને તરફે રજુ દસ્તાવેજો તેમજ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે બીજાપક્ષકાર એટલે કે ગુજરાત ઔધોગિક કામદાર મહામંડળ જે એક યુનિયન ટ્રેડ યુનિયન એકટ હેઠળ રજીસ્ટ્રર થયેલ છે અને સંસ્થામાં કામ કરતા પરિશિષ્ટ–એ મુજબના કામદારો ઉપરોકત યુનિયનના બોનાફાઈડ સભ્ય છે અને કામદાર વતી તા.૨૨/૦૮/ ૨૦૨૪ ના રોજ એક ચાર્ટર ઓફ ડીમાન્ડ ઉપસ્થિત કરાવેલ પરંતુ સંસ્થા તરફે કોઈ જવાબ આપવામાં આવેલ નથી. ત્યારબાદ કન્સીલેશનમાં સમાધાન ન થતા ગુજરાત સરકાર વતી ઉપસચિવ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ગાંધીનગર ધ્વારા નિષ્ફળતાનો અહેવાલ આપી સદર ઔધોગિક વિવાદ ન્યાય નિર્ણય માટે અત્રેની ઔધોગિક અદાલતને સુપરત કરેલ છે. સદર કામે પરિશિષ્ટ મુજબના કામદારો પક્ષકાર નં–૨ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડમાં દાખલ થયા ત્યારથી એકધારી અવિરત અને કાયમી પ્રકારની કામગીરીમાં રોકાયેલ હોવા છતા તેમને કાયમી કર્મચારીના લાભો આજદિન સુધી આપેલ નથી અને શરુઆતમાં રોજમદાર તરીકે દાખલ થયા બાદ તેઓને કહેવાતા કોન્ટ્રાકટરના કામદાર બનાવવાનું કે,૧૧ માસના ધોરણે કામ પર રાખવાનુ અને આઉટ– સોર્સીસથી કામગીરી પણ ચાલુ રાખવાનું કૃત્ય ગેરવ્યાજબી,ગેરકાયદેસર,અયોગ્ય, અન્યાયી હોવા ઉપરાંત અનફેર લેબર પ્રેકટીસ સ્વરુપનું હોવાનું અને પ્રથમપક્ષકાર નં.૨ અને ૩ વચ્ચે કરવામાં આવેલ કહેવાતા કરાર શામ અને બોગસ તેમજ પેપર અરેન્જમેન્ટથી ઉભા કરવામાં આવેલ હોય, શ્રમયોગીઓના પરીશીષ્ટ મુજબના કામદારોને દાખલ થયાના તારીખથી કાયમી કર્મચારી ગણી મળવાપાત્ર તમામ લાભો ચુકવી આપવા કે કેમ તથા સંબંધીત કામદારોને સંસ્થામાં કામ કરતા કાયમી કામદારોના ધોરણે સમાન કામ સમાન વેતનના સિધ્ધાંત મુજબ પગાર ચુકવી આપવા કે કેમ? તથા પરિશિષ્ટ મુજબના

કામદારોની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર કરવા કે કેમ? તે મુજબ રેફરન્સ રજુ કરવામાં આવેલ છે. સદર કામે બીજાપક્ષકાર તરફે હાલની આંક–૯ થી જયાં સુધી રેફરન્સનો નિકાલ ના થાય ત્યાં સુધી વચગાળાની રાહત માટે સદર અરજી કરવામાં આવેલ છે અને સદર અરજીમાં પ્રથમપક્ષકાર સંસ્થાઓ સંબંધીત કામદારોને આ કેસનો આખરી નિર્ણય ના આવે ત્યાં સુધી તેમની નોકરીમાંથી છુટા કરવા કે કરાવવા નહી અને નોકરીની શરતોમાં કોઈ ફેરફાર કરવો કરાવવો નહી તથા નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા મીનીમમ પે–સ્કેલના ૩૦% રકમ ચુકવી આપવાનો જે હુકમ કરેલ છે, તે ૩૦% રકમ સંબંધીત કામદારોને ચુકવી આપવી અને બાકી રહેતી ૭૦% રકમ આ કેસનો ચુકાદો ના આવે ત્યાં સુધી સદર રકમ સંબંધીત કામદારોના નામજોગ એફ.ડી માં મુકવી આપવાની રજુઆત કરેલ છે.

(૨) સદર અરજી રજુ થતા પ્રથમપક્ષકાર નં–૧ થી ૩ ને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. સદર નોટીસ આંક–૧૩ થી રજુ પોસ્ટલ સ્લિપ તથા ટ્રેક કન્સાઈનમેન્ટ જોતા બજી ગયેલ હોવાની હકીકત જણાય છે અને આ કામે પ્રથમપક્ષકાર નં–૨ તરફે તેમના વિ.વ.શ્રી બી.એમ.શેઠ હાજર રહેલ છે અને તેઓએ સદર વચગાળાની રાહત મેળવવા માટેની અરજીનો આંક–૧૪ થી જવાબ રજુ કરેલ છે. જયારે પ્રથમપક્ષકાર નં–૧ તથા ૩ તરફે કોઈ હાજર ન થતા તેમના જવાબ તથા દલીલોનો હક બંદ કરવામાં આવેલ છે.

(૩) બીજાપક્ષકાર તરફે તેમના પ્રતિનિધિશ્રી કાશમીરાબેન ચૌધરી હાજર થઈ સદર અરજી સંદર્ભે દલીલો રજુ કરેલ છે અને આ કામે અરજીની હકીકત અને રજુ દલીલો મુજબ પરિશિષ્ટમાં જણાવેલ કામદારો પૈકી ૧ થી ૩ અને ૧૩ નાઓને સને–૧૯૯૯ માં પ્રથમપક્ષકાર નં–૨ નાઓએ રોજમદાર તરીકે નિમણુંક આપેલ હોવાનું તથા અન્ય કામદારોને કહેવાતા કોન્ટ્રાકટ કે આઉટ–સોર્સીંગના નામે નિમણુંક કરેલ હોવાનું અને ત્યારબાદ અનફેર લેબર પ્રેકટીસના ભાગ રુપે સંબંધીત કામદારોને કહેવાતા કોન્ટ્રાકટ કે આઉટ–સોર્સીંગના નામે નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં

પ્રથમપક્ષકાર નં–૨ ધ્વારા કરવામાં આવતી કામગીરી નં–૧ સંસ્થાનો જ ભાગ છે અને તે માટે જયારે પોસ્ટ મંજુર કરેલ ત્યારે મંજુર થયેલ પોસ્ટ ઉપર સંબંધીત કામદારોને રોજમદાર/કોન્ટ્રાકટ કે આઉટ–સોર્સીંગથી રાખવા અનફેર લેબર પ્રેકટીસનો ભાગ હોવાનું જણાવેલ છે. વધુમાં સને–૧૯૯૭ બાદ સંસ્થાનુ નવુ સેટ–અપ સને–૨૦૧૯ માં મંજુર થયેલ અને તેમા આશરે ૧૪૦ જગ્યાઓ મંજુર થયેલ પરંતુ સદર જગ્યાએ નિયમીત રીતે ભરવા માટે આજદીન સુધી કોઈપણ પ્રકારની જાહેરાત આપવામાં આવેલ નથી. વધુમાં સને–૨૦૧૪ માં આ જ કાયદાકીય મુદ્દા પરત્વે સંસ્થામાં સેટ–અપ મંજુર થયેલ હોવા છતા, સંબંધીત કામદારોને કાયમી હકકો ના આપવા પડે તે આશયથી ડેલી–વેઝર કે કહેવાતા કોન્ટ્રાકટથી કે આઉટ–સોર્સીંગમાં નોકરીમાં રાખવામાં આવેલ અને તે બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.ફાઈલ કરવામાં આવતા નામ.ગુજરાત હાઈકોર્ટમાં શરુઆતમાં નોકરીની શરતોમાં કોઈ ફેરફાર ના કરવા અને યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરેલ અને ત્યારબાદ નામ.હાઈકોર્ટ ધ્વારા તા.૬/૭/૨૦૧૭ ના રોજ સંબંધીત કામદારોની પીટીશન રદ કરેલી અને સદર હુકમથી નારાજ થઈ સંબંધીત કામદારોએ નામ.હાઈકોર્ટ સમક્ષ એલ.પી.એ દાખલ કરેલી અને તેમાં નામ.હાઈકોર્ટે શરુઆતમાં મનાઈ હુકમ આપેલ અને તા.૧૮/૩/૨૦૧૯ ના રોજ અલટરનેટીવ રેમેડી ઔધોગિક ન્યાયપંચ કે લેબર કોર્ટ સમક્ષ મળવાપાત્ર હોય ત્યાં વિવાદ ઉપસ્થિત કરવા હુકમ કરેલ. વધુમાં નામ.ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ ધ્વારા તા.૧૮/૩/૨૦૧૯ ના રોજ સંબંધીત કામદારોને તેમની કેટેગરીમાં મળવાપાત્ર મીનીમમ –પે–સ્કેલ ચુકવવાનો હુકમ કરેલ અને તે હુકમથી નારાજ થઈ પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થા નામ.સુપ્રિમ કોર્ટ સમક્ષ પીટીશન ફાઈલ કરેલ અને સદર ચુકાદામાં તા.૬/૮/૨૦૨૪ ના રોજ સંસ્થાની પીટીશન ડીસ્પોઝ કરેલ અને તેમાં નામ.સુપ્રિમ કોર્ટે મીનીમમ–પે–સ્કેલ ચુકવવાનો હુકમ જે કરેલ તેમા ૩૦% રકમ સંબંધીત કામદારોને ચુકવવા અને બાકીની ૭૦% રકમ નામ.કોર્ટના હુકમને આધીને સંસ્થા પાસે જમા રાખવાનો હુકમ કરવામાં આવેલ. વધુમાં નામ.સુપ્રિમ

કોર્ટ સમક્ષ હાલનો ઉપસ્થિત કરવા માંગણી કરવામાં આવતા તે અનવ્યે હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ હોવાનું અને સંબંધીત કામદારોએ નોકરીના દરેક વર્ષમાં સંસ્થામાં ૨૪૦ દિવસ ઉપરાંતની નોકરીની ફરજો બજવેલ હોવાનું જણાવી આંક–૯ ની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં સદર કામે બીજાપક્ષકારના પ્રતિનિધિશ્રીનાઓએ તેમની દલીલના સમર્થનમાં હાલના વિવાદ સંદર્ભે જે હુકમો નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ, જે રજુ કરેલ છે તે નિચે મુજબ છે.

1. Order passed by Hon’ble High Court of Gujarat in Special Civil Application no. 3103 of 2014 titled as NirmalSinh Anoopsinh Jethwa v. State of Gujarat & 1
2. Order passed by Hon’ble High Court of Gujarat in Special Civil Application no. 3099 of 2014 titled as Jayeshkumar J Bhatt v. State of Gujarat & 2
3. Order passed by Hon’ble High Court of Gujarat in R/Latters Patent Appeal no. 1132 of 2017 in R/ Special Civil Application no. 3099 of 2014 titled as Jayeshkumar J Bhatt v. State of Gujarat & 2
4. Order passed by Hon’ble Supreme Court in Special Leave to Appeal (C) no. (S) 13048-13060/ 2019 titled as Gujarat Water Infrastruture Ltd. v. Jayeshkumar Jayantilal Bhatt & Ors. etc.

(૪) સદર કામે પ્રથમપક્ષકાર નં–ર તરફે રજુ જવાબ મુજબ સદર અરજી વચગાળાની રાહતના સ્વરુપની ના હોય પરંતુ મનાઈ હુકમ માંગણા સ્વરુપની હોય અને નામ. ઔધોગિક ટ્રીબ્યુનલને સદર કાયદા અન્વયે ચાલતા કોઈપણ પ્રોસીડીન્ગમાં મનાઈ હુકમ આપવાની સત્તા ના હોય સદર અરજી રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં સીવીલ પ્રોસીજર કોડ હેઠળ આઈ.ડી એકટમાં નિર્દેશ કર્યા સિવાયની અન્ય કોઈ સત્તાઓ કે સીવીલ પ્રોસીજર કોડ હેઠળની કોઈ જોગવાઈનો અમલ કરવાની

કોઈ હકુમત પ્રાપ્ત થતી નથી અને સીવીલ પ્રોસીજર કોડ હેઠળ મનાઈ હુકમ આપવાની સત્તાઓ આઈ.ડી એકટની કલમ–૧૧ માં નથી. વધુમાં આઈ.ડી એકટની કલમ–૧૦ અન્વયેની પ્રોસીડીન્ગમાં નામદાર ટ્રિબ્યુનલને મનાઈ હુકમ આપવાની હકુમત પ્રાપ્ત થતી નથી અને આઈ.ડી.એકટની જોગવાઈમાં ટ્રિબ્યુનલને મનાઈ હુકમ આપવાની કોઈ સ્પષ્ટ જોગવાઈ ના હોય ઈન હેરેન્ટ પાવર વાપરીને લઈ શકાય નહી. વધુમાં સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર કંપની વચ્ચે માલીક નોકરનો સંબંધ નથી અને આ રેફરન્સના સંબંધીત કામદારો પ્રથમપક્ષકાર નં–૩ કોન્ટ્રાકટરના કામદાર તરીકે કામ કરે છે. જેથી મનાઈ હુકમની રાહત આપી શકાય નહી. વધુમાં સી.એલ.આર એકટ મુજબ પ્રોસેસમાં કોન્ટ્રેકટ આપેલ હોય અને તે પ્રોહીબીટેડ થયેલ ના હોય અને ન્યાય નિર્ણય થઈને ફાઈનલ એવોર્ડ કરીને કંપનીના કામદાર ઠરાવવામાં આવેલ ના હોય ત્યાં સુધી સદર કામદારો કોન્ટ્રાકટરના કામદારો તરીકે રહેલ અને આ કામના સંબંધીત કામદારોએ પ્રથમપક્ષકાર નં–૨ કંપનીના કામદાર તરીકે કયારે પણ કામ કરેલ નથી. જેથી સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં–૨ વચ્ચે માલીક નોકરના સંબંધો પ્રસ્થાપિત થયેલ નથી. વધુમાં સંબંધીત કામદાર શરુઆતથી એટલે કે તા.૧૬/૮ /૨૦૦૧ થી તા.૨૮/૨/૨૦૨૫ સુધી જુદાજુદા કોન્ટ્રાકટ કંપનીઓમાં કોન્ટ્રાકટરના કામદારોના હેસીયતથી કોન્ટ્રાકટરોના સુરપવિઝન હેઠળ કામગીરી કરેલ છે અને તેમનો પગાર કોન્ટ્રાકટરો ઘ્વારા ચુકવેલ છે. જેથી સદર રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે નહી અને પ્રથમ દર્શનીય કેસ સંબંધીત કામદારોની તરફેણમાં નથી. વધુમાં વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે તો કોન્ટ્રાકટ આગળ લંબાવવાની ફરજ પડે અને તેનાથી કંપનીને આર્થિક રીતે નુકશાન થાય તેમ છે અને નાણાકીય

રીતે નુકશાનની ભરપાઈ થઈ શકે તેવા સંજોગોમાં વચગાળાની રાહત આપી શકાય નથી. વધુમાં વચગાળાની રાહતની અરજી સાથે જે એફીડેવીટ રજુ થયેલ છે તે ધ્યાને લઈ શકાય નહી. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા આપેલ હુકમ મુજબ ૩૦% ની રકમ સંબંધીત કામદારોને ચુકવાઈ ગયેલ છે અને ૭૦% ની રકમ અંગે એફ.ડી માં મુકવાનો કોઈ હુકમ નામ.સુપ્રિમ કોર્ટે પસાર કરેલ નથી. જેથી વચગાળાની રાહતની અરજી મંજુર કરી શકાય નહી અને મુળ રેફરન્સનો ન્યાય નિર્ણય કર્યા વગર કોઈ પણ દાદ આપી શકાય નહી. તેથી સદર અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સદર કામે પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રી તેમની દલીલોમાં પ્રથમપક્ષકાર નં–૨ અને સંબંધીત કામદારો વચ્ચે કયારે કોઈ માલીક અને નોકરનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હોય, સદર અરજી ટકવાપાત્ર ન હોવાનું જણાવેલ છે અને આંક–૧૪ થી રજુ જવાબની હકીકતોનું પુનરાર્વતન કરી સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં –૩ કોન્ટ્રાકટર મારફતે જે કામદારો કામ કરતા આવેલ તે અંગે યથાસ્થિતી નો હુકમ કરવામાં આવે તો તેમને વાંધો નથી અને પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રી તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના નામ.વડીઅદાલતોના ચુકાદાઓ રજુ કરેલ છે.

1. Order passed by Hon’ble Supreme Court in C.A. no. 2355 of 1979 titled as Grindlays Bank Ltd. v. Central Government Industrial Tribunal
2. Order passed by High Court of Bombay in Writ Petition no. 106 of 1999 titled as Goa MRF Employees’ Union v. MRF, Ltd. and Another

3. Jitendrakumar Maganbhai Patel v. Parshottamdas Govindbhai Patel, 1993 (1) GLR Page 830
4. 2001 (3) L.L.N. 55, In the Supreme Court between B.H.E.L and Kamal Kar Matar and Others
5. 2005 III CLR 518, Gujarat Mazdoor Sabha v. Indian Oil Corporation ltd. & Ors.
6. Order passed by Hon’ble High Court of Karnatka in Writ Appeal no. 226/1990 between Management of Rangaswamy & Co. and D.V. Jagadish
7. Order passed by Hon’ble High Court of Karnatka in WP. No. 11672/1994 between Hira Sugar Employees Co-op. Consumers Stores Ltd. and P.P. Korvekar & Ors.
8. 2001 (4) LLN 135, in the Supreme Court between Steel Authority of India, Ltd., & Others and National Union Water Front Workers & Others
9. 2360 GLR 52 (3), Institute of Rural Management v. N.D.D.B. Employees’ Union Through Secretary & Ors
10. 1998(2) GLR 1487, Jyotindra J. Shah v. Navnitlal D. Parikh & Ors.
11. 1958 ILLJ 247, In the Supreme Court between Martin Burn, Ltd. and Banerjee (R.N)
12. 2006 (4) LLN 651, in the Supreme Court between Steel Authority of India, Ltd. and Union of India & Ors.

13. 1998 (1) GLR 90, Order passed in LPA by Hon'ble High Court of Gujarat in Jamnagar- Rajkot Gramin Bank Officers Association v. Jamnagar- Rajkot Gramin Bank

સદર કામે બન્ને તરફે રજુ દલીલો ધ્યાને લીધી તથા બન્ને તરફે રજુ નામ.વડીઅદાલતો ના ચુકાદાઓ માન.સહ વંચાણે લીધા.

(૬) આ કામે બંને તરફે રજુ દલીલો તથા સદર કેસની હકીકતો મુજબ એ હકીકત અંગે કોઈ વિરોધાભાસ નથી કે બીજાપક્ષકાર યુનિયન એનેક્ષર મુજબ જણાવેલ કામદારોને રીપ્રેજેન્ટ કરે છે અને સદર કામે સંબંધીત કામદારો જે પ્રથમપક્ષકાર નં–૨ કંપનીમાં કામગીરી કરતા આવેલ હોવાનું જણાવે છે તે સંદર્ભે રોજમદાર તરીકે કે, કોન્ટ્રાકટર મારફતે કે, આઉટ–સોર્સીંગ તરીકે જે કામગીરી ઘણા વર્ષોથી ચાલતી આવેલ છે તે આભાસી તથા ખોટી કાગળ ઉપર ઉભી કરેલ હોવાનું અને તમામ સંબંધીત કામદારોને કાયમી ગણી લાગતા વળગતા તમામ લાભો આપવા રજુઆત કરવામાં આવેલ છે. આ કામે પ્રથમપક્ષકાર નં–૨ તરફે જે જવાબ રજુ થયેલ છે તે મુજબ સંબંધીત કામદારો વર્ષ–૨૦૦૧ થી તેમની કંપનીમાં કોન્ટ્રાકટર મારફતે કામગીરી કરતા હોવાની હકીકત જણાય છે. પ્રથમપક્ષકાર નં–૨ તરફે સંબંધીત કામદારો તેમની કંપનીમાં કામદાર ના હોવાનું અને પ્રથમપક્ષકાર નં–૩ કોન્ટ્રાકટર રાજદીપ એન્ટરપ્રાઈઝના કામદાર તરીકે કામ કરતા હોવાની હકીકત જણાય છે. જેથી સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં–૨ વચ્ચે માલીક નોકરનો સંબંધ ના હોવાનુ રજુઆત પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રીએ કરેલ છે. સદર કામે પ્રથમ પક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રી ધ્વારા અત્રેની કોર્ટને ચાલુ રેફરન્સે વચગાળાના તબ્બકે રાહત આપવાની સત્તા ન હોવાની જે રજુઆત કરવામાં આવેલ છે તે સંદર્ભે પ્રથમપક્ષકાર નં–૨ ધ્વારા રજુ **નામ. બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો ગોવા એમ.આર.એફ એમ્પ્લોઈઝ યુનિયન (સુપ્રા) વંચાણે લેતા ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૪) તથા**

**૩૩–એ મુજબ ઈન્ટ્રીમ રીલીફ આપી શકાય તેમ ઠરાવેલ છે તેમજ મનાઈ હુકમની પણ દાદ આપી શકાય તેવુ પણ ઠરાવેલ છે. જેથી અત્રેની કોર્ટને સદર અરજી સાંભળવાની અને તે ઉપર નિર્ણય કરવાનો અધિકાર હોવાથી પ્રથમપક્ષકાર નં.રના વિ.વ.શ્રીની ઉપરોકત દલીલ કાયદામાં ટકવાપાત્ર જણાતી નથી.**

(૭) સદર કામે પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રી સંબંધીત કામદારો અને તેમની સંસ્થા વચ્ચે માલીક અને નોકરનો સંબંધ ન હોવાનું જણાવેલ છે અને તે સંદર્ભે **નામ.સુપ્રિમ કોર્ટનો ચુકાદો બી.એચ.ઈ.એલ(સુપ્રા) મુજબ સંસ્થા અને કામદારો વચ્ચે માલીક અને નોકરનો સંબંધ છે કે કેમ તે પ્રશ્ન અને કોન્ટ્રેકટ લેબર એકટ લાગુ પડે કે કેમ તે નકકી કર્યા સિવાય વચગાળાની દાદ આપી શકાય નહી. વધુમાં નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ગુજરાત મજદુર સભા(સુપ્રા) વંચાણે લેતા, જયાં સુધી માલીક અને નોકરનો સબંધ સ્થાપિત ના થાય ત્યાં સુધી વચગાળાની દાદ આપી શકાય નહી.** વધુમાં પક્ષકારો વચ્ચે માલીક અને નોકરનો સંબંધ છે કે કેમ તે સંબંધે પ્રારંભીક મુદ્દા કાઢી દાદ આપવા બાબત બીજા નામ.વડીઅદાલતોના ચુકાદાઓ જે રજુ થયેલ છે તે માન.સહ વંચાણે લેવામાં આવેલ છે.

(૮) સદર હાથ ઉપરના કેસની હકીકતો જોવામાં આવે તો, શરુઆતમાં સંબંધીત કામદારોને રોજમદાર તરીકે અને ત્યારબાદ કહેવાતા કોન્ટ્રાકટરના કામદાર તરીકે અને આઉટ–સોર્સીંગથી કામગીરી ચાલુ રાખવાનું કૃત્ય ગેરવ્યાજબી, ગેરકાયદેસર, હોવાનું તથા કહેવાતા કરાર આભાસી અને બોગસ તથા કાગળ ઉપર કરેલ હોવાનું સંદર્ભે રેફરન્સ થયેલ છે. પરંતુ સંબંધીત કામદારો પ્રથમપક્ષકાર નં.–૨ સંસ્થામાં ઘણા વર્ષોથી કામગીરી કરતા હોવાની હકીકત સંદર્ભે કોઈ વિરોધાભાસ જણાતુ નથી. વધુમાં સદર તકરાર અંગે રેફરન્સ અત્રેની કોર્ટમાં રજુ થતા પહેલા સંબંધીત કામદારો નામ.ગુજરાત હાઈકોર્ટમાં ગયેલ હતા અને ત્યાં સંબંધીત કામદારોને ઈન્ટ્રીમ રીલીફ આપવામાં આવેલ. પરંતુ કામદારોની પીટીશન રદ થયેલ. ત્યારબાદ સંબંધીત કામદારોએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં એલ.પી.

એ.૧૧૩૨/૨૦૧૭ દાખલ કરેલી અને તેમા નામ.ગુજરાત હાઈકોર્ટે નામ.સુપ્રિમ કોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ પંજાબ તથા અન્ય વિરુધ્ધ જગજીત સીંગ તથા અન્ય,(૨૦૧૭) ૧ એસ.સી.સી.૧૪૮ રેફર કરી પ્રથમપક્ષકાર નં–૨ નાઓને કાયમી કર્મચારીઓ જે તે પગાર તેમની પોસ્ટ મુજબ લે છે તે પ્રમાણે સંબંધીત કામદારોને મીનીમમ પે–સ્કેલ તથા ડી.એ. આપવાનું જણાવેલ. ત્યારબાદ સદર હુકમ વિરુધ્ધ પ્રથમપક્ષકાર નં–૨ નાઓએ નામ.સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી દાખલ કરેલ અને તે એસ.એલ.પી(સી) ૧૩૦૪૮–૧૩૦૬૦/૨૦૧૯ માં નામ.સુપ્રિમ કોર્ટે નામંજુરીનો હુકમ કરેલો અને સંબંધીત કામદારોને મીનીમમ સ્પે–સ્કેલ મુજબ ગણતરી કરી ૩૦% ની રકમ ૪(ચાર) અઠવાડીયામાં આપવાનો હુકમ કરેલો અને બાકીની રકમ પ્રથમપક્ષકાર નં–૨ ને શ્રમ અદાલત ના હુકમ જે આવે તે મુજબ રીટેન રાખવાનો હુકમ કરેલો.

**(૯)** સદર કામે બીજાપક્ષકાર તરફે તેમના પ્રતિનિધીશ્રી રજુઆત કરી જણાવેલ છે કે, સદર અરજી મંજુર કરવામાં ના આવે તો પ્રથમપક્ષકાર નં–૨ સંબંધીત કામદારોને કાઢી મુકશે અને નામ.સુપ્રિમ કોર્ટે પણ મીનીમમ પગાર જે કાયમી કર્મચારીને આપવામાં આવે છે તે આપવાનો હુકમ કરેલ છે અને ૭૦% ટકાની રકમ જે પ્રથમપક્ષકાર નં.–૨ ને જે ચુકવી આપવાની થાય છે તે સંબંધીત કામદારોના નામે એફ.ડી કરી બેન્કમાં રાખવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. **આ સંબંધે એસ.એલ.પી(સી) ૧૩૦૪૮–૧૩૦૬૦/૨૦૧૯ માં નામ.સુપ્રિમ કોર્ટે કોઈ જગ્યા એવો હુકમ આપેલ નથી કે બાકી રહેતી ૭૦% રકમની એફ.ડી કરાવવી. સદર હુકમમાં નામ.સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, બાકી રહેતી રકમ અરજદાર એટલે કે, સદર રેફરન્સના પ્રથમપક્ષકાર નં–૨ નાઓને રીટેન રાખવાનો હુકમ કરેલ. જેથી બીજાપક્ષકારના પ્રતિનિધીશ્રી ધ્વારા જે ૭૦% ની રકમ બાબતે એફ.ડી કરી આપવા જે રજુઆત કરવામાં આવેલ છે તે હાલના તબકકે મંજુર કરી શકાય નહી.**

**(૧૦)** સદર કામે બીજાપક્ષકારના પ્રતિનિધિશ્રી આ રેફરન્સ ચાલવામાં સમય લાગે તેમ હોવાનું જણાવી અને સબંધીત કામદારોની નોકરી અંગેની શરતો અનવ્યે સ્ટેટસ કો આપવામાં ન

આવે તો સંબંધીત કામદારોને ભારે નુકશાની થાય અને પ્રથમ દર્શનીય કેસ કામદારોની તરફેણમાં હોઈ સદર અરજી મંજુર કરવાની રજુઆત કરેલ છે.

(૧૧) In Dalpat Kumar v. Pralhad Singh, AIR 1993 SC 276, Hon'ble Apex Court explained these three factors as follows:-

i] There is a serious disputed question to be tried in the court and that an act, on the facts before the court, there is probability of his being entitled to the relief asked for by the plaintiff/defendant.

ii] The Court's interference is necessary to protect the party from the species of injury. In other words irreparable injury or danger would ensue before the legal right would be established at trial and

iii] That the comparative hardship on mischief or inconvenience which is likely to occur from withholding the injunction will be greater than that would be likely to acted from granting it.

Similarly in Prakash Singh v. State of Haryana 2002 (4) Civil L.J.71 (P.H.), Hon'ble Punjab & Haryana High Court held in para 24 as under:-

Plaintiff has a prima facie case. Prima facie case means that he has a case which is not liable to be thrown at the out-set but which requires to be given consideration. Prima facie case does not mean that the plaintiff should have a cent percent case which will in all probability succeed at the trial, prima facie case means that the contentions which the plaintiff is raising merit consideration and are not liable to be rejected summarily. Balance of convenience is also in favour of the plaintiff. Plaintiff is in possession. If he remains in possession for some time more on the strength of the grant of injunction, heavens are not going to fail. Plaintiff will suffer irreparable loss, if he is thrown out of possession now inasmuch as he will be on the road.

(૧૨) નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો દલપત કુમાર(સુપ્રા) તેમજ નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટનો ચુકાદો પ્રકાશ સિંઘ (સુપ્રા) ધ્યાને લેતા પ્રથમ દર્શનીય કેસનો એવો મતલબ નથી કે વાદીને કેસ જીતવાની શકયતા પૂરે પૂરી તેમની તરફેણમાં હોય.

હાલના તબ્બકે કાયદા મુજબ આ કામના કામદારો રેફરન્સમાં અને તેમના સ્ટેટમેન્ટ ઓફ કલેમ મુજબ કેસ પુરવાર કરી શકશે કે કેમ તે વચગાળાના સ્ટેજે જોવાનુ નથી. સદર કામે પ્રથમપક્ષકાર નં–૩ અત્રેની અદાલતમાં હાજર થયેલ નથી, જયારે પ્રથમપક્ષકાર નં–૨ સંબંધીત કામદારો અને તેમના વચ્ચે એમ્પોયર–એમ્પ્લોઈ નો સંબંધ સ્વિકાર કરતા નથી અને સંબંધીત કામદારો ઘણા વર્ષોથી પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થામાં કામગીરી કરતા હોવાની હકીકત જણાતી હોવાથી પ્રથમ દર્શનીય કેસ સંબંધીત કામદારોની તરફેણમાં જણાય છે. કાયદા મુજબ વચગાળાના તબકકે પ્રથમ દર્શનીય કેસ, સગવળતા અગવળતાનું પલ્લુ તથા નાણામાં ભરપાઈ ના થઈ શકે તેવી હાની અરજદારના પક્ષમાં હોઈ ત્યારે વચગાળાનો હુકમ અરજદારની તરફેણમાં થઈ શકે. તેવી જ રીતે કાયદા મુજબ વચગાળાના તબકકે ફાઈનલ રીલીફ અંગેનો હુકમ કરી શકાય નહી.

(૧૩) સદર કામે કેસનુ રેકર્ડ વંચાણે લેતા, આંક–૧૬ થી દસ્તાવેજી લીસ્ટ રજુ છે તે મુજબ નામ.સુપ્રિમ કોર્ટ ના હુકમ મુજબ ૩૦% ની રકમ સંબંધીત કામદારોને ચુકવી આપેલ હોવાની હકીકત જણાય છે અને બીજાપક્ષકારના પ્રતિનિધિશ્રી પણ સદર રકમ સંબંધીત કામદારોને મળી ગયેલ હોવાની સ્વિકૃતી કરેલ છે. જેથી વચગાળના તબકકે ૩૦% ની રકમ ચુકવી આપવા જે રજુઆત થયેલ છે તે મંજુર કરવા જણાતી નથી. **સદર કામે પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રી સંબંધીત કામદારો અને**

**પ્રથમપક્ષકાર નં.–૨ વચ્ચે માલીક અને નોકરનો સંબંધ ન હોવાનું અને કોન્ટ્રાકટ પ્રમાણે સંબંધીત કામદારો જે કામગીરી કરતા આવેલા છે તે હાલની પરિસ્થીતી જે ચાલે છે તે સંદર્ભે સ્ટેટસ કો આપવામાં આવે તો વાંધો ના હોવાનું જે જણાવેલ છે તે સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટનો ચુકાદો બી.એચ.ઈ.એલ(સુપ્રા) તેમજ નામ. ગુજરાત હોઈકોર્ટનો ચુકાદો ગુજરાત મજદુર સભા(સુપ્રા) વંચાણે લેતા જ્યાં સુધી પક્ષકારો વચ્ચે પ્રથમ દર્શનીય માલીક અને નોકરનો સંબંધ સ્થાપિત ના થાય ત્યાં સુધી વચગાળાના તબકકે દાદ મંજુર કરી શકાય નહી.** હાલ સદર કેસની હકીકતો વંચાણે લેતા સંબંધીત કામદારોનો એવો કેસ છે કે, તેમને ધણા વર્ષોથી રોજમદાર તરીકે કે ત્યારબાદ કોન્ટ્રાકટરના કામદાર તરીકે કે આઉટ સોર્સીંગથી કામગીરી ઉપર રાખવામાં આવેલ હોય અને સદર કરાર શામ અને બોગસ હોય, સંબંધીત કામદારોને કાયમી ગણી મળવાપાત્ર તમામ લાભો મળવાપાત્ર હકકદાર છે. જેથી હાલના તબકકે સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં–૨ વચ્ચે માલીક અને નોકરોનો સંબંધ છે કે કેમ તે પુરાવા લીધા વગર નકકી કરી શકાય નહી અને પ્રથમપક્ષકાર નં–૩ જે કોન્ટ્રાકટર છે અને પ્રથમપક્ષકાર નં–૩ નાઓએ સંબંધીત કામદારો સાથે જે કોન્ટ્રાકટ કરી પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થામાં કામગીરી આપેલ તે સંદર્ભે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ મુજબ કોઈ હુકમ કરી શકાય નહી. જેથી કોન્ટ્રાકટ સંદર્ભે સ્ટેટસ કો ની જે દાદ આપવા સંદર્ભે પ્રથમપક્ષકાર નં–૨ ના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે તે કાયદાની દ્રષ્ટિએ ટકવાપાત્ર નથી.

**(૧૪)** સદર કામે સંબંધીત કામદારો ધ્વારા રજુ અરજી મુજબ તે ધણા બધા વર્ષોથી કામગીરી કરતા હોવાની હકીકત જણાય છે અને તેમનો પ્રથમ દર્શનીય કેસ પણ જણાય છે પરંતુ જ્યાં સુધી સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થા વચ્ચે

એમ્પ્લોયર–એમ્પલોઈનો સંબંધ સ્થાપિત હોવાની હકીકત ન આવે ત્યાં સુધી વચગાળાના તબકકે માંગવામાં આવેલ દાદ આપી શકાય નહી. વધુમાં સંબંધીત કામદારો તેમનો કેસ પુરવાર કરવામાં સફળ થાય તો જે તારીખથી નોકરીમાં જોડેલ હોવાની હકીકત પુરવાર થતી હોય તે તારીખથી તમામ લાભો મેળવવા હકકદાર બને પરંતુ સંબંધીત કામદારો નિષ્ફળ થાય તો તેઓ પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થામાં કાયમી કર્મચારી તરીકે ગણી શકાય તેમ નથી. જેથી સંબંધીત કામદારોની તરફેણમાં સગવળતા અગવળતાનું પલ્લુ જણાતુ નથી. વધુમાં પ્રથમપક્ષકાર નં–૨ સંસ્થા સંબંધીત કામદારો વિરુધ્ધ કાયદાની વિરુધ્ધ જઈ કોઈ પગલા લે તો સંબંધીત કામદારોને જે નુકશાની થાય તેની ભરપાઈ નાણામાં થઈ શકે તેમ જણાતું હોય, સંબંધીત કામદારો વતી યુનિયનના પ્રતિનિધિશ્રી ધ્વારા જે વચગાળાની દાદ મેળવવા માટે અરજી કરવામાં આવેલ છે તે મંજુર કરવા ન્યાયીક જણાતુ ના હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–ઃ હુકમ ઃ–</u>**

(૧) બીજાપક્ષકારની આંક–૯ ની વચગાળાની દાદ મેળવવા અંગેની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તા.૪ થી, માહે–જુન–સને–૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 04/06/2025 16:56:36 IST.

તા.૦૪/૦૬/૨૦૨૫ (રાજેન્દર સીંઘ)
સ્થળ–ઃ કલોલ (જજ કોડ જીજે.૦૧૦૮૫)
મેમ્બર,ઔધોગિક અદાલત, અમદાવાદ
(કલોલ સીટીંગ)